ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# સૌથી વધુ વયના કનુભાઈ દેસાઈ તો સૌથી ઓછી વયના હર્ષ સંઘવી

**સૌથી ધનવાન મંત્રી ઋષિકેશ પટેલ તો સૌથી ઓછી સંપત્તિ અર્જુનસિંહ ચૌહાણની : દક્ષિણ, મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર કચ્છના ૭-૭ મંત્રી, ઉત્તર ગુજરાતના માત્ર ૩ મંત્રી : મંત્રીમંડળમાં બે મહિલાઓનો સમાવેશ**

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મંત્રીમંડળનું આજે વિસ્તરણ કરવામાં આવ્યુ છે. આ મંત્રીમંડળમાં ૧૦ કેબિનેટ, ૫ રાજ્યમંત્રી સ્વતંત્ર હવાલો ધરાવતા અને ૯ રાજ્યમંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આજે રચાયેલા આ મંત્રીમંડળમાં સાત સભ્યો દ. ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે તો મધ્ય ગુજરાતમાંથી ૭, સૌરાષ્ટ્ર કચ્છમાંથી ૭ અને ઉત્તર ગુજરાતમાંથી ૩ ને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યુ છે.

મંત્રીમંડળમાં સમાવિષ્ટ બે મહિલા મંત્રીઓમાં મનીષા વકીલ અંગ્રેજી લિટરેચર સાથે માસ્ટર ડિગ્રી ધરાવે છે. તો નિમિષાબેન સુથાર ડિપ્લોમા ઈલેક્ટ્રીક એન્જીનીયર થયેલા છે. મનીષાબેન ૨૦૧૨ અને ૧૭ માં વિધાનસભાની ચૂંટણી જીતીને આવ્યા છે. નિમિષાબેન સુથાર અગાઉ ધારાસભ્ય હતા અને હમણાં પેટા-ચૂંટણીમાં વિજયી થઈને આવ્યા છે.

નવા મંત્રીમંડળમાં સૌથી વધુ વય ધરાવતા કનુભાઈ દેસાઈ છે જેઓની વય ૭૦ વર્ષ છે. રાજેન્દ્ર ત્રિવેદીની વય ૬૭ વર્ષ છે. રાઘવજી પટેલ અને બ્રિજેશ મેરજાની વય ૬૩ વર્ષ છે. ઋષિકેશ પટેલની વય ૬૧ વર્ષ છે. દેવાભાઈ માલમની વય ૬૨ વર્ષ છે. ભૂપેન્દ્રભાઈ પટેલના નવા મંત્રીમંડળના સભ્યોની સરેરાશ સંપત્તિ ૩.૬૭ કરોડ છે. ઋષિકેશ પટેલ સૌથી ધનવાન મંત્રી છે. તેમની પાસે ૧૪.૯૫ કરોડની મિલ્કત છે. જગદીશ પંચાલ પાસે ૧૪.૭૫ કરોડ, કુબેર ડિંડોર પાસે ૧૦.૯૪ કરોડ અને રાજેન્દ્ર ત્રિવેદી પાસે ૬.૭૪ કરોડની મિલ્કત છે.

**મંત્રીમંડળના સભ્યોની કેટલીક વણકથી વાતો...**

ત્રણ થી પાંચ કરોડની સંપત્તિ ધરાવતા મંત્રીઓમાં કનુભાઈ દેસાઈ, દેવાભાઈ માલમ, ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, જીતુભાઈ વાઘાણી, વિનોદ મોરડિયા અને મુકેશ પટેલનો સમાવેશ થાય છે.

રૂ. એક કરોડથી બે કરોડની સંપત્તિ ધરાવતા મંત્રીઓમાં કીરીટસિંહ રાણા, હર્ષ સંઘવી, અરવિંદભાઈ રૈયાણી, પૂર્ણેશભાઈ મોદી, રાઘવજી પટેલ, નરેશ પટેલ, જીતુભાઈ ચૌધરી, આર.સી. મકવાણાનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૧૧ પર




મોટા મનની ખેલદીલી - રાજભવનના પ્રાંગણમાં નવનિયુક્ત મંત્રીઓના શપથવિધિ સમારોહમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલની વચ્ચે ત્રિદિવસીય એપીસોડના સંકલનકર્તા ભૂપેન્દ્ર યાદવ અને સી. આર. પાટીલની લાક્ષણિક તસવીરો ઘણું બધું કહી જાય છે....

# ગૃહ સહિતના મહત્વના વિભાગો મુખ્યમંત્રી પાસે

**રાજ્યના નવા મુખ્યમંત્રીના મંત્રીઓને ખાતાની ફાળવણી કરાઈ: રાજેન્દ્ર ત્રિવેદીને મહેસુલ ખાતુ, જીતુ વાઘાણીને શિક્ષણ, રૂષિકેશ પટેલને આરોગ્ય પરિવાર કલ્યાણ જેવા મહત્વના ખાતાની ફાળવણી કરવામાં આવી**

- ● ભૂપેન્દ્ર પટેલ : સા.વ.વિ., વહીવટી સુધારણા અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસીંગ, માહીતી અન પ્રસારણ, પાટનગર યોજના, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ઉદ્યોગ, ખાણ અને ખનીજ, નર્મદા, બંદરો, તમામ નીતિઓ અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ફાળવાયેલ ન હોય તેવા વિષયો / વિભાગો

**કેબીનેટ મંત્રીઓ :**

- ● રાજેન્દ્ર ત્રિવેદી : મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદા અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો
- ● જીતુભાઈ વાઘાણી : શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વિજ્ઞાન અને પ્રાઉધ્યોગિક
- ● રૂષિકેશભાઈ પટેલ : આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ અને પાણી પુરવઠો
- ● પૂર્ણેશ મોદી : માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરીક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ
- ● શરાઘવજીભાઈ પટેલ : કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન
- ● કનુભાઈ દેસાઈ : નાણા, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ
- ● કીરીટસિંહ રાણા : વન, પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, છાપકામ અને સ્ટેશનરી
- ● નરેશભાઈ પટેલ : આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા
- ● પ્રદિપસિંહ પરમાર : સામાજીક ન્યાય અને અધિકારીતા
- ● અર્જુનસિંહ ચૌહાણ : ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ

**રાજ્યકક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો)**

- ● હર્ષ રમેશકુમાર સંઘવી : રમત, ગમત, યુવક સેવા અને સાંસ્કૃતીક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી, આબકારી, જેલ, સરહદી સુરક્ષા (સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, આપત્તિ વ્યવસ્થાપન
- ● જગદીશ વિશ્વકર્મા : કુટિર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ(સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, વન પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ, પ્રીન્ટીંગ અને સ્ટેશનરી
- ● બ્રીજેશ મેરજા : શ્રમ, રોજગાર, પંચાયત(સ્વતંત્ર હવાલો), ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ
- ● જીતુભાઈ ચૌધરી : કલ્પસર અને મત્સ્યોદ્યોગ (સ્વતંત્ર હવાલો), નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠો
- ● મનીષાબેન વકીલ : મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજીક ન્યાય અને અધિકારીતા

**રાજ્યકક્ષાના મંત્રી**

- ● મુકેશભાઈ પટેલ : કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ
- ● નિમિષાબેન સુથાર : આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ
- ● અરવિંદભાઈ રૈયાણી : વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ
- ● કુબેરભાઈ ડીંડોર : ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો
- ● કિર્તીસિંહ વાઘેલા : પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ
- ● ગજેન્દ્રસિંહ પરમાર : અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષાની બાબતો
- ● આર. સી. મકવાણા : સામાજીક ન્યાય અને અધિકારીતા
- ● વિનોદભાઈ મોરડીયા : શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ
- ● દેવાભાઈ માલમ : પશુપાલન અને ગૌ સંવર્ધન






# મંત્રીમંડળમાં પ્રથમ વખત ચૂંટાયેલાના નસીબ ખુલ્યા

**કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલાને મંત્રીપદની ભેટ મળી**

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા સમગ્ર મંત્રીમંડળ બદલવામાં આવ્યું છે. વિજય રૂપાણીના રાજીનામા બાદ ભૂપેન્દ્ર પટેલને ગુજરાતના નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. ગુરૂવારે સંપૂર્ણપણે નવી કેબિનેટે શપથ ગ્રહણ કર્યા હતા. ભવિષ્યની તૈયારીઓને ધ્યાનમાં રાખીને કેબિનેટમાં અનેક નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે કેટલાક ધારાસભ્યો એવા પણ છે જે પહેલી વખત ચૂંટણી જીતીને આવ્યા છે.

મુકેશ પટેલ સુરતની ઓલપાડ વિધાસભા બેઠક પરથી ભાજપના બીજી વખતના ધારાસભ્ય છે. મુકેશભાઈ પટેલ ૨૦૧૨માં પહેલી વખત વિધાનસભા માટે ચૂંટાયા હતા અને ૨૦૧૭માં બીજી વખત વિધાનસભામાં પહોંચ્યા હતા. તેમના પત્નીનું નામ મીનાબેન છે અને સોગંદનામામાં તેમણે પોતે બિલ્ડર હોવાનું જણાવ્યું છે.

કિરીટસિંહ રાણા ભાજપની ટિકિટ પર ૫મી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. ૧૯૯૫ના વર્ષમાં તેઓ પહેલી વખત ધારાસભ્ય બન્યા હતા અને ત્યાર બાદ સતત જીત નોંધાવતા રહ્યા હતા. જોકે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં લીંબડી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ચેતન ખાચરના હાથે તેઓ હાર્યા હતા. ચેતન ખાચરે કોંગ્રેસ અને

● અનુસંધાન પાન-૧૧ પર

# મહાઅભિયાન : આજે શહેર-જિલ્લામાં ૧ લાખનું વેક્સિનેશનનું લક્ષ્ય

ગાંધીનગર, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજે જન્મ દિવસે આરોગ્યતંત્રએ વેક્સિનેશન મહા અભિયાન યોજવાનો નિર્ણય કર્યો છે. ગાંધીનગર જિલ્લામાં આજે એક લાખ લોકોને આવરી લેવાનો નિર્ણય આરોગ્યતંત્રએ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮૦ હજાર લોકોને આવરી લેવાના લક્ષ્યાંક સાથે ૪૦૦ થી વધુ વેક્સિનેશન સાઈટ નિયત કરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. તો ગાંધીનગર મહાનગરપાલિકાએ પણ ૨૦ હજારથી વધુ લોકોને આવરી લેવા માટે ૫૦ જેટલી સેશન સાઈટો નિયત કરી છે.

જિલ્લામાં વેક્સિનેશન અભિયાનમાં ૧૦૦ ટકા વેક્સિનેશન પ્રથમ ડોઝનું ૧૯૫ જેટલા ગામોમાં થઈ ચુક્યુ છે. તંત્રએ હમણાં ઉતાવળે કરેલા એક સર્વેમાં ૬૦ હજારથી વધુ લાભાર્થીઓ પ્રથમ ડોઝમાં બાકી હોવાનું જણાવ્યુ હતુ. તો શહેરમાં પ્રથમ ડોઝથી વંચિત લાભાર્થીઓની સંખ્યા અંદાજે ૧૨ હજાર જેટલી હોવાનું તારણ નીકળ્યુ હતુ.

જિલ્લામાં વેક્સિનેશન અભિયાનમાં બીજા ડોઝને પણ મહત્વ આપવામાં આવ્યુ છે. શહેરમાં ૫૦ ટકાને વેક્સિનના બન્ને ડોઝ અપાઈ ચુક્યા છે. તો ગ્રામ્ય વિસ્તારમાં ૪૭ ટકા લોકોને બન્ને ડોઝ અપાયાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ ૨જી ઓકટો. સુધીમાં ૧૦૦ ટકા વેક્સિનનો પ્રથમ ડોઝ સંપન્ન કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે તો ગ્રામીણ વિસ્તારમાં પણ ૨જી ઓકટો. સુધીમાં તમામ ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ ટકા વેક્સિનનો પ્રથમ ડોઝની કામગીરી સંપન્ન થાય તે રીતે આયોજન કર્યુ છે.

# રાજ્ય મંત્રીમંડળની શપથવિધિની સાથે સાથે

- આજે રાજભવન ખાતે યોજાયેલ શપથવિધિ સમારોહમાં પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ, બી. સંતોષ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને સપથવિધિ સમારોહના સ્ટેજ પર સ્ટેટ ગેસ્ટ તરીકેનું વિશેષ સ્થાન આપવામાં આવ્યુ હતુ.
- બધાજ મંત્રીઓએ ગુજરાતીમાં શપથ લીધા હતા.
- વરસાદની આગાહીને પગલે વોટર પ્રુફ ડોમ આકારનો વિશેષ શમિયાણો ઉભો કરાયો હતો.
- પાંચ-પાંચ મંત્રીઓએ સમૂહમાં શપથ લીધા હતા અને બધાના હાથમાં ગીતા હતી.
- તમામ મંત્રીઓએ ઈશ્વરના નામે શપથ લીધા હતા.
- શપથવિધિ સમારોહના ડોમમાં ૭૦૦ ખુરશીઓ રાખવામાં આવી હતી.
- વૉટરપ્રુફ ડૉમમાં હવાની અવર-જવર ઓછી હોવાથી એક મિડીયા કર્મી બેભાન થઈ અને પડી ગયો હતો.
- ડૉમમાં શપથવિધિ જોઈ શકાય તે માટે બે બીગ સ્ક્રીન પણ મુક્યા હતા.
- શપથવિધિ સમારોહમાં હાજરી આપવા કાર્યકર્તાઓને થર્મલ ગનથી સ્ક્રીનીંગ કરી અંદર પ્રવેશ અપાયો હતો.
- અત્યંત સાદો છતાં દબદબાભર્યા સમારોહમાં મંત્રીઓના શપથ પત્ર પર સહિઓ લેવા માટે બે ખાસ ડેસ્ક મુકવામાં આવ્યા હતા.
- શપથવિધિ સમારોહમાં મંત્રીશ્રીઓના સમર્થકો ઉપસ્થિત રહેવા લાઈનમાં ઉભા રહ્યા હતા.
- રાજભવન બહાર ટ્રાફીકની ભીડ જોવા મળી હતી.
- શપથવિધિ સમારોહના પગલે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# જિલ્લામાં માર્ગ અકસ્માતમાં એક યુવાન અને એક વૃધ્ધનુ કરૂણ મોત

**ટાયર ખરીદવા જતા એકટીવાનુ ટાયર ફાટયુ અને અકસ્માત થયો ભાઇજીપુરા પાટીયા પાસે એક્ટીવાનુ ટાયર ફાટતા યુવાનનુ મોત થયુ : ગલુદણ પાટીયા પાસે અજાણ્યા વાહન ચાલકે સાઇકલ સવારને ટક્કર મારતા વૃધ્ધનુ મોત નિપજયુ**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં અકસ્માતનો સિલસિલો યથાવત છે. માર્ગો પર ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે દોડતા વાહનો અનેકવાર અકસ્માતને ભેટે છે. જિલ્લામાં વિવિધ બે ઠેકાણે બનેલા અકસ્માતના બનાવમાં બે વ્યકિતઓએ જીવ ગુમાવ્યો છે. ગલુદણ પાટીયા પાસે એક સાઈકલ સવારને અજાણ્યા વાહને ટક્કર મારતા વૃધ્ધનુ મોત નિપજયુ હતુ જયારે અન્ય એક બનાવમાં ભાઈજીપુરા પાટીયા પાસે એકટીવાનુ ટાયર ફાટતા અકસ્માતમાં યુવાનનુ મોત નિપજયુ હતુ.

ગાંધીનગર શહેરમાં પણ માર્ગ સલાતમીના નામે મીંડુ ચિતરાયેલુ છે. શહેરમાં ગતિ નિયંત્રણની વાતો વચ્ચે વાહનો બેફામ દોડી રહ્યા છે. જેના લીધે માર્ગ સલાતમી જોખમાઈ છે. પૈડા પરની જિન્દગી જોખમાતા હજુ માર્ગ સલામતીના પરિબળોને યોગ્ય કરવા માટે કોઈ પગલા લેવાતા નથી સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે જિલ્લામાં વિવિધ બે ઠેકાણે અકસ્માતના બનાવમાં બે વ્યકિતઓ મોતને ભેટયા છે. ગલુદણ પાટીયા પાસે સાઈકલ પર જતા સોનારડા ગામના દિનેશભાઈ શકરાભાઈ વાઘેલા રાત્રિના સમયે સાઈકલ લઈને જતા હતા જયારે તેવા સમયે ગલુદણ પાટીયા પાસે એક અજાણ્યા વાહનચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી ટક્કર મારતા તેમનુ માર્ગ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત નિપજયુ હતુ આ

● અનુસંધાન પાન-૧૧ પર

**ચોથી વાર્ષિક પૂણ્યતિથિ**

**શ્રધ્ધાંજલિ**



**કૈલાસધામ વાસી : કલાવતી રમેશચંદ્ર ભટ્ટ (નિવૃત્ત શિક્ષક)**

**કૈલાસગમન : ૧૭-૦૯-૨૦૧૭, ભાદરવા વદ બારસ**

જીવન જીવી જાણ્યું તમે, જીવન જીવવાની રીત તમો અમને શીખવી ગયા, પરિશ્રમના દિવસો વીતાવી પરિવારને સમૃધ્ધ બનાવી ગયા, તમારી કુટુંબ વાત્સલ્યતા, સ્નેહની લાગણી ધર્મ પ્રત્યેની શ્રધ્ધા, લોક-કલ્યાણના કાર્યો હર હંમેશ અમારી આસપાસ સુવાસ બનીને પ્રસરી રહેશે

લિ.

રમેશચંદ્ર મગનલાલ ભટ્ટ
પરેશ ભટ્ટ નીલેશ ભટ્ટ ફાલ્ગુન ભટ્ટ
મીનળ ભટ્ટ જયશ્રી ભટ્ટ દક્ષા ભટ્ટ
નિમિત્ત ● ભૂમિ ● અમિ ● બીરવા ● અભિ

ફર્મ – જીગ્મા કોમ્પ્યુટર – ૯૯૨૪૧૩૩૫૩૮
કલામીન, પ્લોટ નં ૨૫૨-૧, સેકટર નં ૫-એ, ગાંધીનગર-૩૮૨૦૦૬

# ગાંધીનગર ડેપોમાં કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શિત કર્યો

**છઠ્ઠા પગાર પંચની વિસંગતતાઓ તેમજ સાતમા પગારપંચના એલાઉન્સ સહીતની માંગણીઓ સંતોષવામાં નહી આવતા કર્મચારીઓએ ડેપો સાંકુલમાં કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કર્યો**



ગાંધીનગર તા ૧૬


એસ ટી નિગમના કર્મચારીઓએ પડતર પ્રશ્નોના ઉકેલની માંગણી સાથે સરકાર સામે બાયો ચઢાવી છે. આજે ગાંધીનગર ડેપોમાં કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી પડતર માંગણીઓ સંતોષવા સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

ગુજરાત રાજય એસ ટી નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નો સંદર્ભે ન્યાય ન મળતા હવે કર્મચારીઓ લડાયક મુડમાં આવી ગયા છે. આ મામલે આજે ગાંધીનગર એસ ટી ડેપોના કર્મચારીઓ તેમજ યુનિયનના સભ્યોએ છઠ્ઠા પગારપંચની વિસંગતતાઓ દુર કરવા ઉપરાંત સાતમા પગારપંચમાં સમાવિષ્ટ વિવિધ એલાઉન્સ બાબતે ન્યાય મળે તે માટે જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી રજુઆત કરી હતી.

ગુજરાત એસ ટી નિગમના કર્મચારીઓ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી પડતર માંગણીઓ સંદર્ભે રજુઆત કરવામાં આવે છે. જેમાં છઠ્ઠા પગાર પંચની વિસંગતતાઓ સાતમા પગારપંચની વિવિધ એલાઉન્સ, ડ્રાઈવર કંડકટરના ગ્રેડ પે તેમજ અગાઉ બાકી રહેલા એરિયર્સના હપ્તા બાબતે વારંવાર રજુઆતો કરવા છતા સરકાર કક્ષાએથી આ માંગણીઓ સ્વીકારવામાં આવતી નથી ગુજરાત એસ ટી ની ત્રણેય માન્ય યુનિયન કક્ષાએથી દરેક ડિવીઝન અને ડેપો દ્વારા સ્થાનિક કક્ષાએથી સંબંધિત અધિકારીઓને યોગ્ય પગલા લેવા માટે આવેદન પત્ર એનાયત કરવામાં આવ્યુ હતુ. આગામી દિવસોમાં પણ એસ ટી ના કર્મચારીઓની માંગણી સંતોષાશે નહી તો આંદોલનની રાહે લડત અપાશે.

આ મામલે ગાંધીનગર ડેપોના કર્મચારીઓ તેમજ મંડળના આગેવાન રાજદિપસિંહ રાઠોડ મજુર મહાજનના વાલજીભાઈ દેસાઈ તેમજ ભારતીય મજુર સંઘના કોદરભાઈ પટેલ દ્વારા આજે જિલ્લા કલેકટર કુલદીપ આર્ય તેમજ જિલ્લા પોલીસ વડા અને ધારાસભ્યને લાગણી અને માંગણી સરકાર સુધી પહોંચાડવા આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ. આ માંગણીઓ સંદર્ભે સરકાર દ્વારા હકારાત્મક વલણ દાખવવામાં આવશે નહી તો નિગમના કર્મચારીઓ આંદોલનની રાહે લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આજે પણ ગાંધીનગર ડેપો સંકુલમાં કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી એકત્રિત થયા હતા આ દરમિયાન ડેપોના કર્મચારીઓએ પડતર માંગણીઓના ઉકેલ માટે સુત્રોચ્ચાર કર્યો હતો જયારે કર્મચારીઓને મળતા લાભો નહીં આપવામાં આવે તો આગામી દિવસોમાં વિરોધ કાર્યક્રમો ચાલુ રહેશે તેમ પણ જણાંવ્યુ હતુ.

**હાર્દિક અભિનંદન..**



**શ્રી જગદીશભાઈ પંચાલ**
(રાજ્ય કક્ષાના મંત્રી)
(ગુજરાત સરકાર) અમદાવાદ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નવા મંત્રી મંડળમાં અમદાવાદ-નિકોલના લોકપ્રિય ધારાસભ્ય **શ્રી જગદીશભાઈ પંચાલ** (વિશ્વકર્મા)ની રાજ્ય કક્ષાના મંત્રી તરીકે પસંદગી થતાં **ખુબ ખુબ અભિનંદન** અને ભાજપ સરકારનો આભાર માનીએ છીએ.

શુભેચ્છક..
ધી વિશ્વકર્મા સામાજીક વિકાસ ટ્રસ્ટ, બાયડ
ધી વિશ્વકર્મા બચત શરાફી મંડળી લી., બાયડ
મણીભાઈ રેવાભાઈ પંચાલ, ચેરમેન — પોપટભાઈ રેવાભાઈ પંચાલ, વા.ચેરમેન
મોહનભાઈ જેઠાભાઈ પંચાલ, કા.સભ્ય — મનિષકુમાર રમણભાઈ પંચાલ, કા.સભ્ય
ગૌતમભાઈ પી. પંચાલ, કા.સભ્ય — જ્યંતિભાઈ કાંહ્યાભાઈ પંચાલ, માજી સેક્રેટરી
તથા સર્વ સભાસદો અને થાપણદારો
બાયડ, જિ.અરવલ્લી

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com